# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



# જાદુઈ કુંડાની સાચી કસોટી

ઘણા સમય પહેલાંની વાત છે. સોનપુર નામના એક સુંદર અને સમૃદ્ધ રાજ્યમાં રાજા ધર્મપાલ રાજ કરતા હતા. રાજા ખૂબ જ ન્યાયપ્રિય અને દયાળુ હતા. હવે તેમની ઉંમર થઈ ગઈ હતી, તેથી તેઓ રાજ્ય માટે એક લાયક અને પ્રામાણિક મંત્રીની શોધમાં હતા જે ભવિષ્યમાં પ્રજાની સાચી સેવા કરી શકે.

"હું તમારામાંથી સૌથી લાયક યુવાનને રાજ્યનો નવો મંત્રી બનાવીશ. આ માટે હું તમને બધાને એક-એક 'જાદુઈ કુંડું' અને એક વિશેષ બીજ આપું છું. તમારે ત્રણ મહિના સુધી આ બીજને કુંડામાં વાવીને તેની માવજત કરવાની છે. જેનું કુંડું સૌથી અદ્ભુત હશે, તેને મંત્રી પદ મળશે."

રાજાના દરબારમાંથી બે મિત્રો, ગોપાલ અને મદન પણ કુંડું અને બીજ લઈને ઘરે આવ્યા.

ગોપાલની મહેનત: ગોપાલ ખૂબ જ મહેનતુ અને સાચો છોકરો હતો. તેણે કુંડામાં ફળદ્રુપ માટી નાખી, બીજ રોપ્યું અને રોજ સમયસર તેને પાણી પાવા લાગ્યો. તે દરરોજ આશા રાખતો કે આજે બીજમાંથી નાનો અંકુર ફૂટશે. પરંતુ દિવસો વીતતા ગયા અને કુંડામાં કશું જ ઊગ્યું નહીં.

મદનની ચિંતા અને યુક્તિ: બીજી તરફ, મદનના કુંડામાં પણ કશું ઊગતું નહોતું. પણ મદનથી ધીરજ ન રખાઈ. તેને કોઈપણ ભોગે મંત્રી બનવું હતું. તેથી તેણે ચતુર આઈડિયા વાપર્યો. બજારમાંથી એક સુંદર, ખીલેલો અને સુગંધિત ફૂલનો છોડ ખરીદીને રાજાએ આપેલા કુંડામાં રોપી દીધો. તેનું કુંડું આખું સુંદર ફૂલોથી મઘમઘી ઉઠ્યું.

ત્રણ મહિના પૂરા થયા. બધા યુવાનો પોતાપોતાના કુંડા લઈને રાજદરબારમાં હાજર થયા.

દરબારમાં કોઈના કુંડામાં લાલ, કોઈનામાં પીળા તો મદનના કુંડામાં જાંબલી રંગના સુંદર ફૂલો ખીલેલા હતા.
આખા દરબારમાં માત્ર ગોપાલ જ એવો હતો, જેનું કુંડું સાવ ખાલી હતું. તેમાં માત્ર માટી જ દેખાતી હતી. ગોપાલ ખૂબ જ શરમાઈ રહ્યો હતો અને ડરી પણ રહ્યો હતો, પણ તેણે હિંમત રાખીને સત્યનો સામનો કરવાનું નક્કી કર્યું.

રાજા ધર્મપાલ એક પછી એક બધાના કુંડા જોવા લાગ્યા. મદનનું ફૂલોથી ભરેલું કુંડું જોઈને રાજા હસ્યા, પણ કશું બોલ્યા નહીં. અંતે, તેઓ ગોપાલ પાસે પહોંચ્યા.

રાજાએ પૂછ્યું, "ગોપાલ, તારું કુંડું કેમ ખાલી છે? શું તેં મહેનત નહોતી કરી?"

ગોપાલે હાથ જોડીને નમ્રતાપૂર્વક કહ્યું:

"મહારાજ, મેં રાત-દિવસ આ કુંડાની સંભાળ રાખી છે. યોગ્ય માટી, ખાતર અને સમયસર પાણી પણ આપ્યું છે. છતાં આ બીજમાંથી કોઈ અંકુર ફૂટ્યો નહીં. મારી મહેનતમાં કદાચ કોઈ ખામી રહી ગઈ હશે, મને માફ કરજો."

આ સાંભળીને રાજાના ચહેરા પર એક તેજસ્વી સ્મિત આવી ગયું. તેમણે ગોપાલનો હાથ પકડીને સિંહાસન પાસે લઈ ગયા અને જોરથી જાહેર કર્યું:

"મને રાજ્યનો નવો મંત્રી મળી ગયો છે. આ ગોપાલ જ આપણો નવો મંત્રી બનશે!" આ સાંભળીને મદન અને દરબારના બીજા યુવાનો આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓ ગણગણાટ કરવા લાગ્યા કે, "ખાલી કુંડાવાળાને મંત્રી કેમ બનાવાયો?" "પ્રિય પ્રજાજનો, મેં તમને બધાને જે બીજ આપ્યા હતા, તે બધા જ બીજ મેં પહેલાથી જ ગરમ પાણીમાં ઉકાળી નાખ્યા હતા! ઉકાળેલા બીજમાંથી ક્યારેય કોઈ છોડ ઊગી જ ન શકે. તેથી, જેમના કુંડામાં સુંદર ફૂલો ખીલ્યા છે, તેમણે નવું બીજ કે છોડ લાવીને જૂઠાણું ચલાવ્યું છે. માત્ર ગોપાલ જ એટલો પ્રામાણિક હતો કે તેણે પોતાની અષ્ફળતા સ્વીકારી અને સત્ય મારી સામે રજૂ કર્યું." બધાના માથા શરમથી ઝૂકી ગયા. મદનને પોતાની ભૂલ સમજાઈ ગઈ. ગોપાલની પ્રામાણિકતા અને હિંમતના આખા રાજ્યમાં વખાણ થયા.




**"હું તમારામાંથી સૌથી લાયક યુવાનને રાજ્યનો નવો મંત્રી બનાવીશ. આ માટે હું તમને બધાને એક-એક 'જાદુઈ કુંડું' અને એક વિશેષ બીજ આપું છું. તમારે ત્રણ મહિના સુધી આ બીજને કુંડામાં વાવીને તેની માવજત કરવાની છે. જેનું કુંડું સૌથી અદ્ભુત હશે, તેને મંત્રી પદ મળશે"**

# મોબાઈલની નીચે રહેલા આ કાણાનો સાચો ઉપયોગ શું?




આજના ડિજિટલ યુગમાં સ્માર્ટફોન આપણા જીવનનો એક અનિવાર્ય ભાગ બની ગયો છે. સવારના અલાર્મથી લઈને રાત્રના સોશિયલ મીડિયા સ્ક્રોલિંગ સુધી, આપણે દિવસના 24 કલાક ફોનનો ઉપયોગ કરીએ છીએ. આપણે ફોનના ફિચર્સ, કેમેરા અને રેમ વિશે તો મોટી-મોટી વાતો કરીએ છીએ, પરંતુ શું તમે ક્યારેય તમારા ફોનની બોડી પર બારીકાઈથી નજર નાખી છે? જો તમે ધ્યાનથી જોયું હોય, તો સ્માર્ટફોનના નીચેના ભાગમાં જ્યાં ચાર્જિંગ પોર્ટ અને હેડફોન જેક હોય છે, તેની બિલકુલ નજીક એક નાનકડું ગોળાકાર કાણું જોવા મળે છે.

મોટાભાગના લોકો આ નાના હોલને કોઈ સામાન્ય ડિઝાઇન અથવા સ્પીકરનો ભાગ સમજીને નજરઅંદાજ કરી દે છે. પરંતુ શું તમે જાણો છો કે, આ નાનકડું કાણું તમારા સ્માર્ટફોનનું સૌથી મહત્વપૂર્ણ ફીચર છે? જો આ હોલ ન હોય અથવા કોઈ ગંદકીના કારણે બંધ થઈ જાય, તો તમારો મોંઘોદાટ ફોન પણ વાત કરવા માટે નકામો બની જશે. ચાલો આજે અમે તમને જણાવી દઈએ કે, આ નાનકડુ કાણું હકીકતમાં શું કામ આવે છે અને તેનો ઉપયોગ શું છે.



આ નાનું કાણું શું છે અને તેને શું કહેવાય છે? સ્માર્ટફોનની નીચે આપેલા આ નાના કાણાને 'માઇક્રોફોન હોલ' (Microphone Hole) અથવા 'નોઈઝ કેન્સલેશન માઈક' (Noise Cancellation Microphone)નો એક ભાગ કહેવામાં આવે છે. જ્યારે તમે કોઈની સાથે ફોન પર વાત કરો છો, ત્યારે આ કાણાની અંદર રહેલું નાનું માઇક્રોફોન તમારા વોઇસને કેપ્ચર કરીને સામેવાળી વ્યક્તિ સુધી પહોંચાડે છે. ઘણા પ્રીમિયમ સ્માર્ટફોન્સમાં આવા બે કે ત્રણ કાણાં હોય છે, એક નીચેના ભાગમાં અને બીજું કેમેરા મોડ્યુલની નજીક અથવા ઉપરના ભાગમાં.

આ નાના હોલનું સૌથી મુખ્ય કામ છે 'નોઈઝ કેન્સલેશન' (Noise Cancellation). જ્યારે તમે ઘરની બહાર, બજારમાં, ટ્રાફિકમાં અથવા કોઈ ભીડભાડ વાળી જગ્યાએ ઊભા રહીને ફોન પર વાત કરી રહ્યા હોવ, ત્યારે તમારી આસપાસ ઘણો ઘોંઘાટ હોય છે. આ નાનું કાણું એ ઘોંઘાટને ઓળખે છે અને ટેક્નોલોજીની મદદથી તેને ફિલ્ટર કરીને સંપૂર્ણપણે દબાવી દે છે. તેથી તમે ગમે તેટલા અવાજવાળા વાતાવરણમાં હોય, સામેવાળી વ્યક્તિને માત્ર તમારો જ ક્લિયર અને સ્પષ્ટ અવાજ સંભળાય છે, આસપાસનો ટ્રાફિકનો અવાજ નહીં.

## બર્થડે



નામ : મોહમ્મદ સખીવાલા
માતા : ફરહાના સખીવાલા



નામ : આસીમ સખીવાલા
માતા : અફરોઝ સખીવાલા

## રસ્તો શોધો




## તફાવત શોધો





## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME (Q1)

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 3 | | 1 | | 5 | | 7 | | 13 |
| 2) | 3 | | 1 | | 5 | | 7 | | 00 |
| 3) | 3 | | 1 | | 5 | | 7 | | 02 |

### CHANGE THE WORD (Q2)

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| B | U | T |
| | | |
| | | |
| P | I | G |

### CHHOTA SUDOKU (Q3)

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 4 | | |
| | 2 | |
| | | 7 |

વર્તુળો: 23, 20, 16, 20

### BROKEN WORDS (Q4)

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને 7 શાકભાજીનાં નામ બનાવો. દા.ત. CA UL IF LO WER=CAULIFLOWER

| | | | | |
|---|---|---|---|---|
| TA | AS | BR | TO | PO |
| TO | CA | CA | ON | PE |
| JAL | ION | MA | | BB |
| OT | AGE | IN | TO | RR |
| | | | | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 1 |
| 5 અક્ષર | 1 |
| 6 અક્ષર | 3 |
| 7 અક્ષર | 2 |

જવાબ
1. PEAS
2. ONION
3. CARROT
4. POTATO
5. TOMATO
6. BRINJAL
7. CABBAGE

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 3 | + | 1 | × | 5 | - | 7 | = | 13 |
| 2) | 3 | - | 1 | + | 5 | - | 7 | = | 00 |
| 3) | 3 | + | 1 | + | 5 | - | 7 | = | 02 |

Q2

| | | |
|---|---|---|
| B | U | T |
| B | U | G |
| B | I | G |
| P | I | G |

Q3

| | | |
|---|---|---|
| 4 | 9 | 3 |
| 8 | 2 | 6 |
| 1 | 5 | 7 |

વર્તુળો: 23, 20, 16, 20

## શબ્દો પૂરો



| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | h | | | | e |
| 2 | t | | | | r |
| 3 | h | | | | o |
| 4 | s | | | | l |
| 5 | s | | | | e |
| 6 | z | | | | a |
| 7 | l | | | | r |
| 8 | m | | | | e |
| 9 | s | | | | k |
| 10 | e | | | | e |

emu agl ors ige tor
ipp ebr nak ous nai